ઓક્ટોબર ૨૦૧૨ કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## મીઠી વાણી



# અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૬
સળંગ અંક :૭૨
ઓક્ટોબર ૨૦૧૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના
નામે મોકલવા.


# મીઠી વાણી

## સંપાદકીય

બાળમિત્રો,

આપણામાં કહેવત છે ને કે 'તલવારના ઘા રુઝાય પણ વાણીના ઘા ના રુઝાય'. મહાભારતનું યુદ્ધ એ આ કહેવતને સાબિત કરે છે. દુર્યોધન માટે દ્રૌપદીજીના મોઢેથી નીકળેલા શબ્દો 'આંધળાના પુત્ર આંધળા' એ તો મહાભારતનું યુદ્ધ સર્જીને વિનાશ સર્જ્યો. આવી છે વાણીની અસર. આથી કહ્યું ને કે,

કાણાને કાણો કહે, કડવું લાગે વેણ,
ધીમે રહીને પૂછીએ, શાથી ખોયું નેણ

મીઠી વાણી કોઈનેય દુ:ખદાયી ના થાય. તો પછી આપણે મીઠી વાણી બોલવામાં કેમ કંજૂસાઈ કરીએ ? પણ મીઠી વાણી નીકળતી જ ના હોય તો કરવું શું ? પરમ પૂજ્ય દાદાશ્રીએ એના સુંદર ફોડ આ અંકમાં આપ્યા છે. આ ઉપરાંત, બોલતા શબ્દોની થતી વૈજ્ઞાનિક અસરો અને મીઠી વાણી કેવી રીતે થાય, એની સમજણો પણ અહીં મૂકાઈ છે.

તો આવો, આ સમજણ સમજીને કડવી વાણી બોલતા અટકીએ અને મીઠી વાણી ઉત્પન્ન થાય એનો પુરુષાર્થ માંડીએ.

- ડિમ્પલ મહેતા



અનુક્રમણિકા

03 દાદાશ્રી કહે છે...
04 આ તો નવી જ વાત !
06 કડવી વાણીના પડઘા
10 મીઠી વાણીનો પાવર
13 તમારી ભૂલને ચકાસી જુઓ...
14 ચાલો શીખીએ...
15 ઐતિહાસિક ગૌરવગાથા
18 મીઠી વાણી
19 પ્રશ્નના જવાબો
20 જન્માષ્ટમીની ઝલક


# દાદાશ્રી કહે છે...



શબ્દ તો ઠંડકેય આપે અને સળગાવેય ખરું. એટલે ઈફેક્ટિવ છે. શબ્દો મીઠા જોઈએ. અરે, કોઈ આપણને વઢે એની જોડેય આપણે મીઠું બોલીએને તો બીજે દહાડે એક થઈ જાય પાછા.

પ્રશ્નકર્તા : હા, એટલે બોલવાની અસરો થાય ખરીને?

દાદાશ્રી : બોલવાની તો બધી બહુ અસરો થાય. આ ટેપરેકર્ડમાં તો ફક્ત શબ્દો જ ટેપ થાય. પણ આ મનુષ્યનું બોડી - મન એવું છે કે એમાં બધું જ ટેપ થાય. મહીં પાર વગરની શક્તિ છે. જેવું એ બોલેને, એવી અસર થઈ જાય. એક માણસને તમે કહો કે 'તમે જૂઠા છો' તો 'જૂઠા' કહેતાંની સાથે જ મહીં એવું બધું થઈ જાય તે તમને બે કલાક સુધી એની પર પ્રેમ જ ઉત્પન્ન ના થાય. એ શબ્દ સાંભળીને એને તો દુઃખ થયું જ પણ તે તમનેય બહુ દુઃખ આપે. અને તમે કહો કે તમે બહુ સારા છો. તો તમને મહીં અંદર શાંતિ આપશે. તમારું બોલેલું પેલાને તો શાંતિ આપશે જ પણ તમનેય શાંતિ આપશે.

જો સામો ઊંઘમાં હોય ને તમે કહો કે, આ નાલાયક છે તોય તે ટેપ થઈ જાય માટે ઊંઘતાનુંય ના બોલાય. બોલવું હોય તો સારું બોલજો કે તમે બહુ સારા છો. અંધારામાં બોલ્યા કે એકલા હોય ત્યારે બોલ્યા તો પણ ટેપ થઈ જવાનું ને ફળ કડવું ઝેર જેવું આવશે.

પ્રશ્નકર્તા : તમારા જેવી વાણી મીઠી ક્યારે થશે?

દાદાશ્રી : આ નેગેટિવ શબ્દો બોલવાના બંધ થશે ત્યારે. કોઈને દુઃખ થાય એવી વાણી નીકળી ગઈ તો એનું પ્રતિક્રમણ કરવું કે 'હે શુધ્ધાત્મા ભગવાન, મારાથી ઊંચે સાદે બોલાયું તે ભૂલ થઈ. માટે તેની માફી માંગુ છું અને તે ભૂલ હવે ફરી નહીં કરું એ નિશ્ચય કરું છું. તે ભૂલ નહીં કરવાની શક્તિ આપો.' તમે સામાને ટકોર કરો એટલે સામાને ખોટું તો લાગશે, પણ પ્રતિક્રમણ કર કર કરશો એટલે છ મહિને, બાર મહિને વાણી એવી નીકળશે કે સામાને મીઠી લાગે.

આપણે રોજ નક્કી કરવું કે,

"હે દાદા ભગવાન ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા સાથે ક્યારેય પણ કઠોર ભાષા, તંતીલી ભાષા ન બોલાય, ન બોલાવાય કે બોલવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો કોઈ કઠોર ભાષા, તંતીલી ભાષા બોલે તો મને મૃદુ-ઋજુ ભાષા બોલવાની શક્તિઓ આપો." પછી બહુ જ સરસ થઈ જશે.

# આ તો નવી જ વાત !



કેટલાક ખીચડી ખવડાવે, તે એવું મીઠું બોલે કે 'ભઈ, જરા જમવા પધારોને.' તે આપણને ખીચડી એવી સુંદર લાગે. ભલેને ખીચડી એકલી હોય,

વાણી મીઠી



A

કલેશ ભાવ ઓછો થતો જાય.





વાણી સુધારવી હોય તો લોકોને ના ગમતી વાણી બંધ કરી દો. પછી કોઈની ભૂલ ના કાઢે. અથડામણ ના કરે, તોય વાણી સુધરી જાય.





કોઈ જીવને કિંચિત્‌માત્ર દુ:ખ ના થાય એવી વાણી બોલવાની ભાવના થાય એટલે એવી ટેપ તૈયાર થઈ જાય. પછી ધીમે ધીમે મીઠી વાણી નીકળતી થાય.

ક્યારે થાય ?



**B**


જ્યારે ભેદભાવ ઓછો થતો જાય ત્યારે પ્રેમ વધે. પ્રેમ વધતો જાય તેમ વાણી મીઠી થતી જાય.

શબ્દ કોઈને બોલીએ અને એને ખરાબ લાગે તો એ શબ્દ અપશબ્દ કહેવાય તે અમથા-અમથા ય અપશબ્દ બોલતો હોયને... તોય જોખમ અને સારા શબ્દ અમથા અમથા બોલતો હોય તોય હિતકારી છે.






કડવી વાણીના પડઘા
એક તળાવ હતું. એ તળાવમાં બે દેડકાઓ રહેતા હતા. ચિન્ટુ અને પીન્ટુ. ચિન્ટુને કાનમાં બહેરાશ હતી. એટલે પીન્ટુ હંમેશાં ચિન્ટુની સાથે જ રહેતો.
બાકી દેડકાઓ ઘણી વાર ચિન્ટુ અને પીન્ટુની મજાક ઉડાવતા.
આ જો બહેરો અને એનો દોસ્ત. હાહાહાહા..... એ પીન્ટુ ! તને આવા બહેરા સાથે રહેવામાં શું મજા આવે છે ?
એ મારો દોસ્ત છે એટલે હું તો હંમેશાં એને સાથ આપીશ જ, પણ તમને લોકોનેય કહી દઉં છું કે તમે આવું કડવું બોલીને એને દુઃખ પહોંચાડો છો. એનું ફળ સારું નહીં આવે.
અરે, પણ એ તો બહેરો છે ! એને અમારી વાતો ક્યાં સંભળાઈ જ છે કે એને દુઃખ પહોંચે ?


એને સંભળાતું નથી પણ તમારા અવળા ભાવ તો એને પહોંચે જ છે.
શું બકવાસ કરે છે ? આ બહેરા સાથે રહી રહીને તારું મગજ પણ ખસી ગયું છે.
પીન્ટુની આંખો ભીની થઈ ગઈ.
હું આ બધા જ દેડકાઓથી છેટો રહેવાનો છું.
ચોમાસું શરૂ થયું. મુશળધાર વરસાદ પડ્યો.
ચોમાસામાં જમીન ઘસાઈ ગઈ છે, એટલે તળાવની પાળ પાસે ઊંડો ખાડો પડી ગયો છે. બધાને ચેતવણી આપવામાં આવે છે કે તળાવની આ બાજુથી કૂદકો મારવો નહીં. એનાથી જાનને જોખમ છે.
ચિન્ટુ અને પીન્ટુને આ ખાડાની જાણ જ નહોતી. એક દિવસ રમતા રમતા બેઉએ પાળી પરથી ઊંડા ખાડામાં કૂદકો માર્યો.
આઆઆઆઆ આઆઆઆઆ આઆ...!!! આટલો મોટો ખાડો ! મને તો ખબર જ નહોતી. હવે શું કરશું ?
અવાજ સાંભળીને બાકી દેડકાઓ બહાર પાળી ઉપર આવ્યા અને અટ્ટહાસ્ય માણવા માંડ્યા.
હાહાહાહાહા.... આ બેઉ તો તદ્દન ડોબા જ છે. અલ્યા પીન્ટુ ! તને સમજાવ્યું હતું ને કે આ બહેરા ચિન્ટુડાથી દૂર રહેજે. લે, ખાડામાં પડ્યોને એની સાથે !



પીન્ટુ ગભરાઈ ગયો.
આપણી આ કસોટી છે. નિરાશ થયા વગર બહાર નીકળવાનો ઉપાય શોધીએ.
પણ કોઈ ઉપાય મળતો નહોતો. કલાકો વીતવા લાગ્યા. ચિન્ટુ અને પીન્ટુ ભૂખ્યા તરસ્યા ખાડામાંથી નીકળવાનો પ્રયત્ન કરતા હતા. દેડકાઓ આવીને ચિન્ટુ અને પીન્ટુને કડવાણી સંભળાવતા.
એ બહેરા ! હવે તો ત્યાં જ રહેજે અને ત્યાં જ મરજે.
બધા દેડકાઓની વાત સાચી છે. અમે ક્યારેય આ ખાડામાંથી બહાર નહીં નીકળી શકીએ.
અને હવે ચિન્ટુના પ્રોત્સાહનની પીન્ટુ પર કોઈ અસર નહોતી થતી. એ તો નિરાશ થઈ એક ખૂણામાં બેસી ગયો.
બધા દેડકાઓ ચિન્ટુ અને પીન્ટુની મજાક ઉડાવતા હતા, ત્યારે અચાનક.....
ભાગો ભાગો.... સાપ આવ્યો !
ગભરાટમાં ભાગવાની લ્હાયમાં ભયભીત દેડકાઓ ખાડામાં પડી ગયા.
થોડીવાર રહીને...
અરે આ શું ? આપણે પણ એ જ ખાડામાં પડ્યા જ્યાંથી નીકળવાનો કોઈ રસ્તો જ નથી.


બધા ખૂબ હતાશ થઈ ગયા.
આપણે પણ હવે આખી જિંદગી આ ખાડામાંથી બહાર નહીં નીકળી શકીએ.
નિરાશ દેડકાઓએ બહાર નીકળવાનો પ્રયત્ન પણ છોડી દીધો. એક દિવસ અચાનક ચિન્ટુ આવીને બધા દેડકાઓને ઢંઢોળવા લાગ્યો.
શું થયું ચિન્ટુ ? શું કહેવા માંગે છે ?
ચિન્ટુએ બધાને એની પાછળ આવવાનો ઈશારો કર્યો. દેડકાઓના આશ્ચર્યનો પાર ના રહ્યો.
સુરંગ ???! તેં એકલા હાથે આટલો શ્રમ વેઠી સુરંગ બનાવી ! ધન્ય છે તને દોસ્ત !
બધા દેડકાઓ કૂદકા મારી સુરંગમાંથી તળાવમાં પહોંચી ગયા. તળાવના કિનારે....
પીન્ટુ, આજે મને સમજાયું કે અમારી કટુ વાણીએ તને તો વગાડ્યું જ પણ છેવટે એ અમારી ઉપર જ પડી. અમે જ એવા હતાશ થઈ ગયા કે આવી પડેલી કસોટીમાંથી બહાર નીકળવાની હિંમત પણ ભેગી ના કરી શક્યા.
હા, ખરી વાત છે. જેના માટે અમે આટલું અવળું બોલ્યા એણે પોતાના પોઝિટિવ વલણથી અમને બધાને બચાવી લીધા. ચિન્ટુ, પીન્ટુ અમને માફ કરી દો.
અને આમ કહી બધા દેડકાઓ ચિન્ટુ અને પીન્ટુને ભેટી પડ્યા.

# મીઠીવાણીનો પાવર

મોડર્ન હાઈસ્કૂલના સાતમાં ધોરણમાં ભણતા વિરાટ અને વીરેનની જોડી પ્રખ્યાત હતી. તેઓ ખાસ મિત્રો હતા. સાથે સ્કૂલે જતા, સાથે રમતા અને સાથે ભણતા પણ ખરા. શિક્ષકો અને બીજા વિદ્યાર્થીઓ પણ વિરાટ અને વીરેનને ખૂબ પસંદ કરતા. બધા વિરાટ અને વીરેનને જેટલું પસંદ કરતા, એટલું જ અર્ણવને ના પસંદ કરતા. અર્ણવની દાદાગીરીથી આખો ક્લાસ ત્રાસી ગયો હતો. અર્ણવ બીજા છોકરાઓ કરતાં વધારે ઊંચો અને 'સ્ટ્રોંગ' હતો અને 'સ્ટ્રોંગ' હોવાનો એ ઘણી વાર ગેરફાયદો ઉઠાવતો.

એક દિવસ સ્કૂલમાં સાતમા ધોરણના વિદ્યાર્થીઓ ક્રિકેટ રમી રહ્યા હતા. બધાએ નંબર પાડીને વારા પ્રમાણે પોતાની બેટિંગનો દાવ લેવાનું નક્કી કર્યું. વિરાટનો પહેલો નંબર આવ્યો, વીરેનનો ચોથો અને અન્ય છોકરાઓ બાદ અર્ણવનો સાતમો નંબર આવ્યો. અર્ણવને આ જરાય પસંદ ના પડ્યું. એ ગુસ્સાથી રાતોપીળો થઈ ગયો.

'વિરાટ, હું પહેલાં બેટિંગ કરીશ', એણે વિરાટને જોરથી કહ્યું.

'ના, મારો પહેલો નંબર આવ્યો છે. એટલે પહેલાં બેટિંગ હું જ કરીશ.' વિરાટે સામી દલીલ કરી.

'એ નંબર - વંબર મને લાગુ નથી પડતા. મને બેટ આપે છે કે પછી.... અર્ણવે હાથ ઉપર કરીને વિરાટને ધમકાવ્યો.

વીરેને, અર્ણવને શાંત પાડતાં કહ્યું, 'અર્ણવ, તારે બેટિંગ પહેલાં કરવી છેને ? તું કરી લે. પછી અમે કરીશું. આપણે બધા એક જ છીએને. વિરાટ, અર્ણવને બેટ આપી દે.' એણે વિરાટ સામે જોતાં કહ્યું.

વીરેને અર્ણવનો પક્ષ લીધો એ વિરાટને ગમ્યું નહીં. એનો ગુસ્સો સાતમાં આસમાને ચડી ગયો. એ અર્ણવને કંઈ કહેવા જતો હતો પણ વીરેને એને રોકી લીધો. વિરાટે હતાશ થઈને અર્ણવને બેટ આપી દીધું અને ખેલનો આરંભ થયો.

સાંજે ઘરે પાછા ફરતી વખતે પણ વિરાટ વીરેનથી નારાજ હતો. એણે વીરેનને કટાક્ષમાં કહ્યું, ''તું સાવ ડરપોક છે.'' અર્ણવની સામે કેવું મીઠું-મીઠું બોલતો હતો કે આપણે બધા એક જ છીએ ને, ''હં....'' કહી એણે ઝાટકા સાથે માથું હલાવ્યું.

'ના, હું એનાથી ડરી નહોતો ગયો. હું માત્ર એને શાંત કરીને ઝઘડો ટાળવા ઈચ્છતો હતો. જેથી કરીને બધા શાંતિથી રમી શકે. મીઠી વાણીથી ગમે તેવો ઝઘડો ટાળી શકાય છે. અને આપણે લીધેલા એડ્જસ્ટમેન્ટ નકામા નહીં જાય. એક દિવસ ચોક્કસ એનામાં પરિવર્તન આવશે.' વીરેને વિશ્વાસ સાથે જવાબ આપ્યો.

'સપના જોવાના છોડી દે. એ ક્યારેય નહીં સુધરે.' વિરાટે કહ્યું.

વધુ દલીલ ન કરતાં બન્ને છૂટા પડ્યા.

થોડા દિવસ પછી એ જ મેદાનમાં અર્ણવ ફૂટબોલ રમી રહ્યો હતો. વિરાટ અને વીરેન એમના અન્ય દોસ્તો





સાથે દૂરથી એ ગેમની મજા માણી રહ્યા હતા. ચોમાસાના દિવસો હતાં એટલે મેદાનમાં થોડા ખાબોચિયા ભરાઈ ગયા હતાં. અચાનક રમતા રમતા અર્ણવ એક ખાબોચિયામાં પડ્યો.

"ઓહ નો!" અર્ણવે મોટેથી રાડ પાડી.

આ દૃશ્ય જોઈને વીરેન તરત જ અર્ણવ પાસે દોડી ગયો, 'અર્ણવ, તું બરાબર છે ? બહુ વાગ્યું ?'

'હા, હા, આઈ એમ ફાઈન. તારે મારી ફિકર કરવાની જરૂર નથી.' અર્ણવે કડકાઈથી જવાબ આપ્યો.

અર્ણવ જાતે ઊભો થવા ગયો પણ થઈ ન શક્યો.

'વિરાટ, અહી આવ. જરા અર્ણવને ઊભો કરવામાં મને મદદ કર.' વિરેને વિરાટને બોલાવ્યો.

વિરાટ પરાણે ગયો. બન્નેએ મળીને અર્ણવને ઊભો કર્યો અને ઊંચકીને પ્રાથમિક સારવાર માટે સ્કૂલની ઓફિસમાં લઈ ગયા.

અર્ણવને પગમાં ઊંડો ઘા પડ્યો હતો. એટલે ચાર દિવસ સુધી એ સ્કૂલે ના જઈ શક્યો. એનું ઘણું ભણવાનું બગડ્યું. અન્ય વિષયો માટે એટલી ફિકર નહોતી, પણ ગણિતની એને બહુ જ ચિંતા થતી હતી.

એક પિરિયડમાં એણે સમીરને પૂછ્યું, "સંધ્યા મીસે ક્લાસમાં જે દાખલા કરાવ્યા હતા તે મને શીખવાડીશ ?"

'ના, અર્ણવ, મારી પાસે ટાઈમ નથી હમણાં અને આમ પણ હું તને શું કામ શીખવાડું ? અહીંયા તારી દાદાગીરી કામ નહી આવે.' સમીરે સમય જોઈને બદલો લીધો.

સમીરના શબ્દોથી અર્ણવ પર ઘા વાગ્યો. એ નિરાશ થઈને પોતાની બેંચ પર જઈને બેસી ગયો.

વીરેને, સમીર અને અર્ણવની વાતો સાંભળી. એ અર્ણવ પાસે ગયો.

'હવે તું અહીં શું કરે છે ? મારી હાલત જોઈને મારી મશ્કરી કરવા આવ્યો છે ?' વીરેનને પોતાની બેંચ પર જોઈ અર્ણવ અકળાઈને બોલ્યો.

'ના, હું તારી મશ્કરી કરવા નહીં પણ તને મદદ કરવા આવ્યો છું. સંધ્યા મીસે આપેલા દાખલા હું તને શીખવાડીશ.'

'ખરેખર ?' અર્ણવને આશ્ચર્ય થયું અને પછી અડધા કલાક સુધી વીરેને અર્ણવને દાખલા શીખવ્યા.

"થેંક યુ વીરેન, થેંક યુ સો મચ કે તેં મને મદદ કરી" અર્ણવે દિલથી વીરેનનો આભાર માન્યો.

વીરેન પોતાની બેંચ પર ગયો ત્યારે વિરાટે હસતા હસતા તેને અભિનંદન આપ્યા.

વીરેનને નવાઈ લાગી, "કોન્ગ્રેચ્યુલેશન ? શેના માટે ?"

"અરે યાર, તું આપણી ક્લાસનો પહેલો એવો છોકરો હોઈશ, જેને અર્ણવે આટલું દિલથી "થેંક યુ" કહ્યું હશે. અર્ણવને આવો આભાર માનતા આવડતું હશે એવી મને ખબર નહોતી." વિરાટે હસતા હસતા જવાબ આપ્યો.

વિરાટની વાત વીરેનને ગમી નહીં. એણે ઊંડો શ્વાસ લીધો અને પછી પોતાના દફતરમાં કંઈક શોધવા લાગ્યો. દફતરમાંથી એણે એક મેગેઝીન કાઢ્યું અને એના પાનાં ફેરવવા લાગ્યો.

"શું થયું દોસ્ત, આપણે તો ગણિત કરતા હતા અને તું આ મેગેઝીન લઈને.... " વિરાટનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ વીરેન બોલ્યો, "વિરાટ, આ આકૃતિઓ જો."

"શેના માટેની આકૃતિઓ છે ?" વિરાટે ઉત્સુકતાથી પૂછ્યું.

"જાપાનીસ સાયન્ટીસ્ટ માસારું એમોતોના એક વૈજ્ઞાનિક પ્રયોગની છે. આ આકૃતિઓ પાણી પર શબ્દોની અસર દર્શાવે છે. જે પાણીના સેમ્પલ પર સારા શબ્દો બોલવામાં આવ્યા હતા, તે પાણીમાં આવા સુંદર ક્રિસ્ટલ બન્યા અને આ વિચિત્ર આકૃતિ એ પાણીના સેમ્પલનું છે જેના પર ખરાબ શબ્દ બોલવામાં આવ્યા હતા." વીરેને કહ્યું.

"ખરેખર ? પાણી પર શબ્દોની અસર થાય છે !!" વિરાટની આંખો પહોળી થઈ ગઈ.

"હા, તે સોલોમન આયલેંડની વાત સાંભળી છે ?" વિરેને પૂછેયું

"ના."

"સોલોમન આયલેંડ કરીને એક જગ્યા છે. એવું કહેવાય છે કે ત્યાંના આદિવાસીઓને કોઈ વિશાળ ઝાડ કાપવું હોય, જે તેઓ પોતાની કુહાડીથી ના કાપી શકતા હોય, તો તેઓ જોરજોરથી એક મહિના સુધી એ ઝાડને અપશબ્દો બોલે અને ત્રીસેક દિવસમાં એ ઝાડ એની મેળે જ પડી જાય. હવે તું જ કહે, જો પાણી અને ઝાડ પર શબ્દોની આટલી અસર થાય, તો શું મનુષ્ય પર ના થાય ? જો સારા શબ્દોથી પાણીમાં આવા સુંદર ક્રિસ્ટલ બની શકે, તો મીઠા શબ્દોથી અર્ણવમાં પરિવર્તન ના આવી શકે ?" વીરેને કહ્યું.

વિરાટને હવે મીઠા શબ્દોની અસર સમજાઈ. બીજે દિવસે ક્લાસમાં સંધ્યા મેડમે ગણિતની 'સરપ્રાઈઝ ટેસ્ટ' લીધી. ટેસ્ટ પછી અર્ણવ દોડીને વિરેન પાસે આવ્યો.

"વીરેન, જો તે કાલે મારી મદદ ના કરી હોત તો આજે હું ટેસ્ટમાં નાપાસ થઈ જાત. થેંક યુ યાર," અર્ણવ ગદ્‌ગદ્ થઈને બોલ્યો.

"મને ખુશી થઈ અર્ણવ કે તને આજે ટેસ્ટમાં એ કામ આવ્યું." વીરેને જવાબ આપ્યો.

"વીરેન મેં અત્યાર સુધી બધાને ડરાવી, ધમકાવી અને ગાળો ભાંડીને જે જોઈતું હતું તે બધું પડાવી લીધું છે," બોલતાં બોલતાં અર્ણવનું ગળું ભરાઈ ગયું. "છતાં તે હંમેશાં મારી સાથે પ્રેમથી જ વાતો કરી. જરૂરિયાતના સમયે મને મદદ પણ કરી. મને મારા વર્તન માટે બહુ જ અફસોસ થાય છે."

વીરેને અર્ણવનો હાથ પકડીને કહ્યું, "ચલ યાર, જાગ્યા ત્યારથી સવાર, બરાબરને ? તને તારી ભૂલનો પશ્ચાતાપ થયો એ જ મહત્વનું છે," અને પછી હસતાં હસતાં પૂછ્યું, "તો આ વખતે ક્રિકેટમાં વિરાટને પહેલી બેટિંગ કરવા દઈશને ?"

"હા, હા પ્રોમિસ." કહી એ વિરેનને ભેટી પડ્યો.

અને ત્યારે વિરાટ અને વીરેનની પ્રખ્યાત જોડીમાંથી વિરાટ, વીરેન અને અર્ણવની પ્રખ્યાત ત્રિપુટી બની ગઈ !



# તમારી જાતને ચકાસી જુઓ...

મારા પાડોશી, ટીકું અને ટીમીથી આજુ-બાજુવાળા ખૂબ જ કંટાળી ગયા છે. એનું કારણ જાણો છો ? એમની કડવી વાણી.

આ અંકમાં આપણે સમજણ મેળવી કે આપણી વાણીથી કોઈને દુ:ખ ના પહોંચવું જોઈએ. ચાલો આપણે આપણી સમજણ એમની સાથે શેર કરીએ. ટીકું અને ટીમી એ બોલેલા કઠોર વાક્યો નીચે લખ્યા છે. એની સામે મીઠી વાણી લખો. દરેક વાક્યોમાં એક - બે કર્કશ શબ્દો પણ સમાયેલા છે. એ શબ્દોની નીચે લીટી કરો.

૧. ઓયે, અક્કલ વગરના ! આ ચપ્પલ તો બહાર કાઢ ! મારી મમ્મીએ હમણાં જ ઘરમાં પોતું કર્યું છે.

*મીઠું વાક્ય :-*

૨. નાથુડા, મારી બેગ આપ ! ક્યાં ધ્યાન છે તારું ? બેધ્યાન સાલો !

*મીઠું વાક્ય :-*

૩. સાંભળ્યું તેં, મીંઢા ? સામું જો ને જવાબ આપ !!! નહીં તો આજથી મને ફ્રેન્ડ નહીં પણ દુશ્મન સમજજે, કહી દઉં છું તને !

*મીઠું વાક્ય :-*

૪. એકદમ ચીતરી ચઢે એવી પ્રિન્ટવાળો પંજાબી ડ્રેસ ક્યાંથી લઈ આવી ? બદલ બદલ જલદી.

*મીઠું વાક્ય :-*

૫. મમ્મી, આ નાનકી તો સાવ બેશરમ છે. હવે એને કોઈ દિવસ હું ક્યાંય નથી લઈ જવાની. મારું નાક કાપ્યું આજે તો !

*મીઠું વાક્ય :-*

૬. જો મારી બાર્બી ફરી પછાડી તેં. તું છે જ હાથ ભાંગલી ! ક્યારે શીખીશ ?

*મીઠું વાક્ય :-*

૭. અરરરર, આ અપશુકનિયાળ પાછો આવ્યો ! મારા બાપ, તું જા પાછો, અમારે તારી જરૂર જ નથી આ ટીમમાં, નહીં તો અમે ફરી હારી જઈશું.

*મીઠું વાક્ય :-*

૮. આવું ભંગાર ખાવાનું કોણે બનાવ્યું ? કાકીએ ?

*મીઠું વાક્ય :-*

મીઠી વાણી લખ્યા પછી તમને એવું નથી લાગતું કે કોઈને દુ:ખ ના થાય એવું બોલવું કેટલું સહેલું છે ?

# ચાલો રમીએ...


## ૧

અહીં પેપરના ટુકડામાંથી એક અંગ્રેજી મુળાક્ષર કાપેલ છે.એને એકવાર એવી રીતે વાળો કે જેથી એ મુળાક્ષરને ઓળખી શકાય.અને હા... એ મુળાક્ષર L તો નથી જ...તો ચાલો શોધી કાઢીએ એ મુળાક્ષરને.



## ૨

૧૬ દિવાસીળી લઈ એને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ૫ ચોરસમાં ગોઠવીએ હવે તમારે કોઈ પણ બે દિવાસળીને એવી રીતે હટાવવાની છે કે જેથી ૪ ચોરસ બને.



## ૩

ટપકાં જોડી રંગ પૂરો.



# ઐતિહાસિક ગૌરવગાથા

ભગવાન મહાવીરે આત્મસાધના કરવા માટે રાજમહેલ, સગાવહાલા બધાનો ત્યાગ કરીને દીક્ષા લીધી. દીક્ષા લઈને તેઓ જંગલના માર્ગે નીકળી પડ્યા.

જંગલના માર્ગે આગળ વધતા, પ્રથમ મોરાક ગામમાં એક તાપસના આશ્રમમાં રહ્યા. આશ્રમના કુલપતિએ મહાવીરને ઘાસની એક ઝૂંપડી રહેવા માટે આપી. મહાવીર તો દિવસ - રાત આત્મધ્યાનમાં રહેતા. ભૂખી ગાયો આવીને ઝૂંપડીનું ઘાસ ચરી જવા લાગી તેથી કાચી ઝૂંપડી તૂટવા લાગી. આશ્રમનાં કુલપતિએ મહાવીરને ઝૂંપડીનું ધ્યાન રાખવા કહ્યું પણ મહાવીરે તો આત્માની પ્રાપ્તિ માટે મહેલને છોડ્યો હતો, તો એ હવે ઘાસની ઝૂંપડીનું ધ્યાન રાખવાની ઉપાધિમાં ક્યાં પડે ?

કોઈપણ જાતની કટુતા વગર, સહજભાવે આશ્રમના કુલપતિને જણાવીને એમણે બીજા એકાંત અને શાંત સ્થળે પહોંચવા વિહાર કર્યો. વિહાર કરતા સમયે, એમણે પાંચ નિયમો સ્વીકાર્યા. ૧. પોતાનાથી કોઈને દુ:ખ થાય એવા સ્થાનમાં રહેવું નહીં. ૨. જ્યાં રહેવું ત્યાં ધ્યાનમાં રહેવું અને એને અનુકૂળ જગ્યા પસંદ કરવી. ૩. મોટે ભાગે મૌન રહેવું. ૪. ભિક્ષા માટે પાત્ર ન રાખતા, હાથથી જ ભોજન કરવું. ૫. કોઈની ખુશામત નહીં કરવી.

શાંત સ્થાનની શોધમાં આગળ વધતાં વધતાં મહાવીર, મોરાક ગામથી નીકળીને અસ્થિક ગામે આવી પહોંચ્યા. ગામની બહાર એક ટેકરી હતી. ટેકરી ઉપર, શૂલપાણિ યક્ષનું નાનું સરખું મંદિર હતું. મહાવીરને આ સ્થાન ખૂબ જ ગમી ગયું. આ સ્થાનનાં ઉપયોગ માટે ગામ લોકો પાસે અનુમતિ માંગી, કારણ કે માગ્યા વગર કોઈનું કંઈ પણ નહીં લેવાનું, એવું એમણે નક્કી કર્યું હતું.

ગામલોકોએ મહાવીરને હકીકત જણાવતા કહ્યું, ''દિવસે મંદિરનો ઉપયોગ કરવામાં કંઈ વાંધો નથી. પરંતુ રાતના સમયે, મંદિરનો દેવ શૂલપાણિ યક્ષ, ત્યાં રાતવાસો કરનારને મારી નાખે છે.''

શૂલપાણિ યક્ષનું જીવલેણ થવા પાછળનું કારણ મહાવીરે ગામ વાસીઓ પાસેથી જાણ્યું. વાત આમ હતી :

આ ગામનું મૂળ નામ વર્ધમાન હતું. પાદરમાં વેગતી નદી વહે. વેગતી નદીનો કાંઠો ચીકણા કાંપ-કાદવથી ભરેલો હતો.

એકવાર ધનદેવ નામનો કરિયાણાનો વેપારી પાંચસો ગાડાં લઈ આ ગામ તરફ આવ્યો. પણ આ નદીનો કાદવ પાર કરવાનો એને ભારે પડી ગયો. જોરાવર બળદો હોવા છતાં ગાડાંઓ કાદવમાં ખૂંપી જતા હતા. પરંતુ બધા જ બળદોમાં એક બળદ બહુ જ તાકાતવાન હતો. એણે રંગ રાખી દીધો. વારાફરતી



બીજા બળદોની સાથે જોડાઈને બધા જ પાંચસો ગાડાંને નદી પાર ઉતારી દીધા. પરંતુ છેવટે એ લોહીલુહાણ હાલતમાં જમીન પર પટકાયો ધનદેવને આ વફાદાર બળદને આવી હાલતમાં છોડીને જવું ન હતું. પરંતુ આટલો બધો માલ અને ચોમાસાની ઋતુ ! લાચારીથી એણે ગામના લોકોને આ માંદા બળદની સોંપણી કરી અને એની સારવાર માટે ખૂબ જ ધન આપી પોતે ચાલી નીકળ્યો.

ગામલોકોએ બળદની જરા પણ સંભાળ ન લીધી. દવા અને ઘાસચારાના અભાવે બળદ રિબાઈ-રિબાઈને મરીને, શૂલપાણિ નામનો વ્યંતર દેવ થયો. ગામલોકો પ્રત્યે વેરની આગ સળગી ઊઠી. પોતાનું વેર વાળવા ગામલોકોને એ મારવા લાગ્યો અને જોતજોતામાં ત્યાં હાડકાનો ઢગલો થઈ ગયો. અને તેથી ગામનું નામ બદલાઈને અસ્થિકગ્રામ થઈ ગયું (અસ્થિ એટલે હાડકું)

શૂલપાણિના ત્રાસથી ત્રાસેલા ગામલોકોએ ઘણી બાધા - માનતા કરી. ત્યારે વ્યંતર દેવ પ્રગટ થયા. વ્યંતર દેવની સૂચના પ્રમાણે, ગામલોકોએ ગામને પાદરે એક ટેકરી ઉપર મંદિર બાંધ્યું. એમાં યક્ષની સ્થાપના કરી અને નિયમિત પૂજા કરવા લાગ્યા. પરિણામે યક્ષ શાંત થયો. પરંતુ એની સંહારલીલા અટકી નહીં. મંદિરમાં રાતવાસો કરનાર સવારના પરલોકવાસી બની જતો !

મહાવીરે પૂરી વાત જાણી. પરંતુ એ તો નિર્ભય હતા. ગામલોકોએ મહાવીરને બીજા સ્થાને રહેવા વિનંતી કરી. પરંતુ મહાવીર તો મહાવીર હતા. શૂર આત્મસાધકોને મૃત્યુનો ડર કેવો ? એમણે ગામવાસીઓ પાસેથી યક્ષમંદિરમાં ચાતુર્માસ રહેવાની અનુમતિ મેળવી લીધી. યક્ષમંદિરના માર્ગે આગળ વધી રહેલા આત્મસાધકને ગ્રામજનો જોતા જ રહી ગયા.

રાત્રિ શરૂ થઈ. શૂલપાણિ યક્ષે જોયું કે, આજે કોઈ કાળા માથાના માનવીએ યક્ષમંદિરમાં રાતવાસો કરવાની હિંમત કરી છે ! યક્ષનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. એણે મહાવીરને કષ્ટ આપવાનું શરૂ કર્યું. આખું મંદિર ભયાનક અવાજથી ગાજી ઊઠ્યું. કેવું ભયંકર અટ્ટહાસ્ય ! ધરતી ધ્રુજી જાય, ડુંગરા ડોલી ઊઠે, ચકલા ફફડી મરે અને ભલભલા પરાક્રમીની હિંમત છૂટી જાય એવું અટ્ટહાસ્ય ! પણ મહાવીરને તો કશી અસર ન થઈ. ક્રોધી શૂલપાણિએ હાથી,



પિશાચ, નાગનાં વિકરાળ રૂપો ધારણ કરીને મહાવીરને પછાડવા ભારે મહેનત કરી પણ વ્યર્થ! મહાવીરને તો ન કશો ભય, ન કશી ચિંતા!

પછી તો શૂલપાણિએ મહાવીરની કાયાને પીડા આપવામાં કોઈ કસર બાકી ના રાખી. પરંતુ જેને કાયાની માયા જ નહતી તેને કાયાની પીડા શી રીતે દુઃખ આપી શકે? શૂલપાણિનાં જેમ જેમ કષ્ટ વધતા ગયા, તેમ તેમ પ્રભુનું આત્મબળ વધતું જતું હતું. મધરાત સુધી શૂલપાણિનો જુલમ ચાલુ રહ્યો. પરંતુ છેવટે એની શક્તિ નબળી પડતી ગઈ. એને વિચાર આવ્યો, ''આજે ન બનવાનું બન્યું. એક સામાન્ય માનવી પાસે મારા જેવો દિવ્ય દેવ લાચાર બની ગયો!''

ભગવાન તો હજી અડગ ઊભેલા હતા. શૂલપાણિએ પોતાની ક્રોધથી થાકેલી આંખો, પ્રભુના કરુણાસભર આંખો સાથે મેળવી અને ચમત્કાર થઈ ગયો! શૂલપાણિ ભગવાનનાં ચરણોમાં નમી પડ્યો! પ્રભુની સાથે દૃષ્ટિ મેળવતાની સાથે જ એની અંદર વ્યાપેલો ક્રોધ, વેર, દ્વેષ, ગર્વ અને ક્રૂરતાનું વિષ નીકળી ગયું.

પ્રભુએ, શૂલપાણિને એમના પૂર્વ અવતારની વાત કહી: ''પૂર્વભવમાં તારો અવતાર બળદનો હતો. ત્યારે તેં તારી કાયાની પરવા કર્યા વગર પાંચસો ગાડાનાં હજાર જેટલા બળદોને નદી પાર કરવામાં મદદ કરી હતી. ત્યારે તારો દેહ ભલે પશુનો હતો પણ તેમાં પશુતાને બદલે દયાનું અમૃત ભર્યું હતું! તારી એ દયાને લીધે તને દેવનો અવતાર મળ્યો. પરંતુ ગામલોકો પ્રત્યે જાગેલી વેરની ભાવનાને લીધે તારી અંદર દ્વેષ, ક્રોધ, અહંકાર ઊભા થયા. તું તારું દેવપણું ભૂલીને પાશવતાનો પૂજારી થયો! જે નિર્દોષ માનવીઓને અપાર દુઃખ દે અને વેરની અગ્નિમાં પોતાનું આત્મધન બાળે એ તે દેવ ગણાય કે પશુ? તું પશુ હતો ત્યારે તેં દેવને શોભે એવું સત્કાર્ય કર્યું અને દેવનો અવતાર પામીને પશુનેય શરમ આવે એવા પાપકર્મો કર્યા! હવે તું જ કહે, દેવ વધે કે પશુ?''

શૂલપાણિને પોતાની ભૂલ સમજાઈ. પ્રભુના ચરણની રજ પોતાને શિરે ચડાવીને, ફરી ક્યારેય કોઈને દુઃખ ન આપવાનો એણે નિશ્ચય કર્યો. આનંદવિભોર બનીને એ પ્રભુની ભક્તિ કરવા લાગ્યો. અને પ્રભુને આખું વર્ષ ત્યાં જ રહેવાની વિનંતી કરી. શૂલપાણિનું આવું પરિવર્તન જોઈ પ્રભુનાં મુખ પર આનંદ છવાઈ ગયો!





# મીઠી યાદેં

એક બ્રહ્મચારી બેનની વાત છે. એને એવું બહુ રહેતું કે હું આગળ ભણું, પૈસા કમાઉં, કરિઅર બનાવું પણ નીરુમા મળ્યા પછી એને એવું થવા લાગ્યું કે મારે હવે અડાલજ જતા રહેવું છે.

બી.કોમ. પૂરું કર્યા પછી એણે તરત નોકરી શોધી લીધી. પહેલા પગારનો ચેક લઈ એ નીરુમાને, ભગવાન માટે આપવા આવી. નીરુમા પલંગમાં સૂતા હતા. ચેક જોઈ એમણે એક મિનિટ પેલી બહેન સામે જોયું. પછી એને કહે, ''તારે તો આગળ ભણવું હતું ને?''

બેન : હા નીરુમા, ભણવું હતું પણ હવે મારે કંઈ ભણવું-બણવું નથી. મારે વહેલામાં વહેલી તકે અડાલજ આવી જવું છે.

નીરુમા : પણ તારે શું ભણવું હતું?

બેન : સી.એ. કરવું હતું પણ હવે નથી કરવું. એ બહુ હાર્ડ હોય છે.

નીરુમા : તો એમ.બી.એ. કરાયને.

બેન : હા, એ સારું છે પણ બહુ મોંઘુ પડે નીરુમા. એટલા અમારી પાસે હમણાં પૈસા નથી કે હું કરી શકું.

નીરુમા : કંઈ વાંધો નહીં, લોન મળેને આપણને.

બેન : પણ મારે નથી ભણવું.

નીરુમા : ના, ના. તારે ભણવાનું છે અને દાદાનું ખૂબ કામ કરવાનું છે. કહી નીરુમાએ એને એનો ચેક પાછો આપી દીધો.


પેલી બેન તો એકદમ પ્રોત્સાહિત થઈ ગઈ. એણે કહ્યું, ''સારું નીરુમા. હું ભણીશ પણ આ ચેક તો તમે રાખો જ.''


નીરુમાને ખાતરી થઈ કે હવે આ ભણશે પછી નીરુમાએ એ ચેક લીધો. પેલી બેન ખુશખુશાલ થઈ ગઈ અને ત્યારથી એને નિશ્ચય થવા લાગ્યો કે મારે આગળ ભણવું જ છે અને પછી એ ખરેખર એમ.બી.એ.નું ભણી.

નીરુમા એક-એકની નિશ્ચય સાથે વ્યવહારની પ્રગતિનું પણ એટલું જ ધ્યાન રાખતા. નીરુમા પાછળ ઘેલા બનેલા બાળકો ભાન ભૂલે પણ નીરુમા ભૂલે કંઈ ? એક-એકને એમની ક્ષમતા પ્રમાણેનું વ્યવહાર ઘડતર કરાવીને જ રહ્યા!

# પઝલના જવાબો




## તમારી જાતને ચકાસી જુઓ

આ એક્ટિવિટીમાં સાચા જવાબ મર્યાદિત નથી. ઘણી બધી રીતે મીઠા વાક્ય લખી શકાય.

૧. આવ આવ, દોસ્ત !... જરા, ચપ્પલ બહાર ઉતારજે કારણ કે ઘર હજી ભીનું છે.

૨. નાથુ, મને મારી બેગ મળતી નથી. તેં જોઈ ? મને જરા મદદ કરને શોધવામાં, પ્લીઝ. મને મોડું થાય છે.

૩. તું તો મારો ફ્રેન્ડ છે. મારી સાથે વાત કરને પ્લીઝ ! મારી કોઈ ભૂલ થઈ ગઈ હોય તો મને કહે. હું સુધારી લઈશ. પ્રોમિસ...

૪. આના કરતા, પ્લેન ડ્રેસ તારા પર વધારે સરસ લાગશે. એ પહેરીને જોને !..

૫. મમ્મી, બહેનને મારી જોડે બહાર ના લઈ જાઉં તો ચાલશે ? એને ઘણી વાર મોટાઓ સાથે કેવી રીતે વાત કરવી એનો ખ્યાલ નથી આવતો !

૬. અરે, બાર્બી પડી ગઈ ? કશો વાંધો નહીં. ચલ, તારા ટોયઝથી રમીએ. ગઈ કાલે મારાથી મારા ભાઈનો ટ્રક તૂટી ગયો હતો !

૭. એક કામ કર, તું આપણી ઈન્ટરનલ મેચમાં રમજે એટલે તને સારી એવી પ્રેક્ટિસ થઈ જાય. પછી ફાઈનલમાં રમજે. ઓકે ?

૮. મમ્મી, મને આ શાક બહુ નથી ભાવતું, હું ખાલી દાળભાત ખાઈ લઉં ?

# કવર પેજ સ્પર્ધા



બાળમિત્રો,

જો અક્રમ એક્સપ્રેસનું કવર પેજ તમારી પસંદગીનું હોય તો તમને ગમે ને ?? તો આ તક ચૂકશો નહીં. અક્રમ એક્સપ્રેસ કવર પેજ સ્પર્ધામાં ભાગ લો અને તમારું પોતાનું કવર પેજ તમારા પોતાના અક્રમ એક્સપ્રેસના મુખ્ય પેજ પર છપાયેલું જુઓ.

## સ્પર્ધાના નિયમો

૧. આ સ્પર્ધામાં ૭ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો જ ભાગ લઈ શકશે.

૨. તમારા કવર પેજનો ટોપીક રહેશે.. " રજા... એ... મજા..."

૩. પેજ A4 સાઈઝમાં બનાવવું.

૪. કલર માટે ક્રેયોન, સ્કેચ, કેલીગ્રાફીક પેન, વોટર, પોસ્ટર અને ફેબ્રિક કલરનો જ ઉપયોગ કરવો.

૫. ઉપરથી કોઈ પણ ડેકોરેટીવ મટીરીયલ્સનો ઉપયોગ કરવો નહીં.

સૌથી સારા અને યોગ્ય કવર પેજને ઈનામ મળશે. ઈનામ આપના ઘરે મોકલી આપવામાં આવશે. તમારું કવર પેજ અમને ૧૫ નવેમ્બર, ૨૦૧૩ સુધીમાં આપના નામ, સરનામા, ઉંમર અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે આપવાનું રહેશે.

વિજેતાનું નામ ડિસેમ્બર મહિનાના અંકમાં જાહેર થશે અને એનું કવર પેજ મે, ૨૦૧૪ના અંકમાં છપાશે.


Akram Express

October 2013
Year : 6, Issue : 2
Conti. Issue No.:62

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

## બાળકો તથા યુવાનો માટેના પદોની ઓડિયો સી.ડી. 'જ્ઞાનીની છાયામાં'- ભાગ ૫ નું વિમોચન કરતાં પૂજ્યશ્રી

## પૂજ્યશ્રીના સાનિધ્યમાં જન્માષ્ટમીની, અડાલજ ત્રિમંદિર ખાતે ભવ્ય ઉજવણી










**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset**:- Parshwanath Chambers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.